પુ•ના International School
Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -VIII

# Gujarati

# Specimen

# Copy

# Year- 2021-22

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | રેલ્વે સ્ટેશન | 2 |
| 2 | હિંદમાતાને સંબોધન | 6 |


## 1. રેલ્વે સ્ટેશન

- ચિત્રપાઠ




➢ **અઘરા શબ્દો**

| | | | |
|---|---|---|---|
| 1) | બુક | 2) | સ્ટૉલ |
| 3) | ટી | 4) | પ્લૅટફૉર્મ |
| 5) | રેંકડીવાળો | 6) | ચેકર |
| 7) | ઉપરાંત | 8) | ફ્રૂટ |

➢ **શબ્દાર્થ**

1) બુક = ચોપડી

2) સ્ટૉલ = દુકાન

3) ટી = ચા

4) કુલી = માલસામાન ઉપાડનાર વ્યક્તિ

5) રેંકડીવાળો = ફેરિયો

6) ચેકર = ચેક કરનાર

7) ઉપરાંત = સિવાય
8) ફ્રૂટ = ફળો
9) પ્લૅટફૉર્મ = જ્યાં રેલ્વે ઉભી રહે તે જગ્યા.

## સ્વાધ્યાય

- **સાહિત્ય**

### પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) ચિત્રમાં કોણ – કોણ નજરે પડે છે?
જ) ચિત્રમાં મુસાફરો , ચાવાળો , ફેરિયો , બે કુલી , રેંકડીવાળો , પુસ્તક વેચનાર , ગ્રાહક તેમજ ટિકિટ ચેકર નજરે પડે છે.

2) ચિત્રમાં કયાં – કયાં સ્ટૉલ નજરે પડે છે?
જ) ચિત્રમાં પ્રભાત બુક સ્ટૉલ , અને ટી સ્ટૉલ નજરે પડે છે.

3) ઘડિયાળમાં કેટલાં વાગ્યા છે?
જ) ઘડિયાળમાં ૪: ૪૦ વાગ્યા છે.

4) ચિત્રમાં કયાં – ક્યાં ફેરિયાઓ નજરે પડે છે?
જ) ચિત્રમાં ફળ વેચનારો એક ફેરિયો નજરે પડે છે.

### પ્ર- 2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો.

1) રેલ્વે સ્ટેશન ઉપર કઈ – કઈ સુચનાઓ લખેલી છે?
જ) રેલ્વે સ્ટેશન ઉપર નીચે પ્રમાણેની સુચનાઓ લખેલી છે.
1) ખિસ્સા કાતરુથી સાવધાન. 2) કચરો કચરાપેટીમાં નાંખો.
3) ધૂમ્રપાન કરવાની મનાઈ છે. 4) અજાણી વસ્તુ પડેલી જુઓ તો સ્ટેશન અધિકારીને જાણ કરો.
5) લાઈનમાં ઉભા રહો , ધક્કામુક્કી કરશો નહી.

2) રેલ્વે- સ્ટેશન ઉપર ક્યાં-ક્યાં વિભાગ અને બારીઓ હોય છે?
જ) રેલ્વે- સ્ટેશન ઉપર નીચેનાં વિભાગ- પ્રતીક્ષાખંડ, વિશ્રામખંડ, પાર્સલ વિભાગ, રિઝર્વેશન વિભાગ, પોલીસરૂમ,

3) જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા તમે શુ કરશો?

જ) જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા નીચેના કાર્ય કરી શકાય;

અ) હંમેશા કચરો કચરાપેટીમા નાંખશુ. બ) જાહેર સ્થળોની સ્વચ્છતાનું ધ્યાન રાખીશું.

ક) થૂંકવા માટે થૂંકદાનીનો ઉપયોગ કરીશું. ડ) જાહેર દિવાલો બગાડશું નહી.

4) લાઉડ સ્પીકર દ્વારા કઈ – કઈ સુચનાઓ અપાતી હોય છે?

જ) લાઉડ સ્પીકર દ્વારા નીચે પ્રમાણેની સુચનાઓ અપાતી હોય છે ;

અ) ટ્રેનના આવવા – જવા અંગેની સુચના. બ) ટ્રેનના સમય અંગેની સુચના.

ક) માલ – સામાન અને વ્યક્તિઓ અંગે સુચના.

- **<u>વ્યાકરણ</u>**

## પ્ર-3 ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવો.

1) બસ = બસસ્ટેશન

2) જહાજ = બંદર

3) વિમાન = વિમાનમથક

4) રિક્ષા = રિક્ષાસ્ટેન્ડ

5) હેલિકૉપ્ટર = હેલીપેડ

## પ્ર-4 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

1) દિવસ = દિન

2) મુલાકાત લેવી = જોવા જવું

3) સ્ટૉલ = દુકાન

4) મહિલા = સ્ત્રી

5) મજા = આનંદ

## પ્ર-5 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) દિવસ x રાત

2) મહિલા x પુરુષ

3) મજા x શોક

| | | | |
|---|---|---|---|
| 4) | ઉપયોગ | x | બિનઉપયોગ |
| 5) | નાંખવું | x | બહાર કાઢવું |

➢ <u>પ્રવૃત્તિ</u>

**નીચેના જાહેર સ્થળો પર જોવા મળતી સૂચનાઓની નોંધ કરો.**

1) શાળા
2) દૂધમંડળી
3) આરોગ્યકેન્દ્ર
4) બસ- સ્ટેશન

## 2. હિંદમાતાને સંબોધન

**- (પ્રાર્થનાગીત) મણિશંકર રત્નજી ભટ્ટ ‘ કાન્ત’**

- **અઘરા શબ્દો**

| | | | |
|---|---|---|---|
| 1) | હિંદ | 2) | દેવભૂમિ |
| 3) | પોષવું | 4) | સૌ |
| 5) | મળીને | 6) | વંદન |
| 7) | વિશ્વાસી | 8) | જિન |




- **શબ્દાર્થ**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | હિંદ | = | ભારત | 2) | દેવભૂમિ | = | દેવોની ભૂમિ |
| 3) | સંતાન | = | બાળકો | 4) | સૌ | = | બધા |
| 5) | મળીને | = | સાથે | 6) | પોષવું | = | સંભાળ રાખવી. |
| 7) | વિશ્વાસી | = | ખ્રિસ્ત | 8) | જિન | = | જૈન |

## સ્વાધ્યાય

- **સાહિત્ય**

### પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) કવિ વંદન સ્વીકારવાનુ કોને કહે છે?
જ) કવિ વંદન સ્વીકારવાનું ભારત માતાને કહે છે.

2) હિંદમાતા સંતાનોનુ પોષણ કેવી રીતે કરે છે?
જ) હિંદમાતા સંતાનોનુ પોષણ સારું ખાવાનું – પીવાનું આપીને કરે છે.

3) આ કાવ્યમાં કયો ભાવ રજૂ થયો છે?
જ) આ કાવ્યમાં તમામ દેશવાસીઓએ પરસ્પર પ્રેમ અને ભાઈચારાથી સાથે રહેવુ જોઈએ એવો ભાવ રજૂ થયો છે.

### પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ભારતમા કયા – કયા ધર્મ પાળતી પ્રજા વસે છે?
જ) ભારતમા હિંદુ , મુસ્લિમ , શીખ , ઈસાઈ , પારસી , જૈન અને ખ્રિસ્તી ધર્મ પાળતી પ્રજા વસે છે.

2) ભારતભૂમિને કવિ માતા તરીકે કેમ સંબોધે છે?

જ) એક માતાની જેમ ભારતમાતા એના સૌ સંતાનોનુ પોષણ કરે છે , ભેદભાવ રાખ્યા વિના સરખો પ્રેમ કરે છે. તેથી કવિ ભારતમાતાને માતા તરીકે સંબોધે છે.

3) ભારતમાં વસ્તી પ્રજાને કવિ સમાન શા માટે ગણે છે?

જ) ભારતમાં વસ્તી પ્રજાને કવિ સમાન ગણે છે કારણ કે અહીં અલગ અલગ ધર્મ પાળતી જે પ્રજા વસે છે એ સૌની માતા એક જ છે ભારતમાતા.જો માતા એક હોય તો એ માતાના તમામ સંતાનો સમાન જ હોય , માટે અહીં કોઈ ઉંચ નથી કે કોઈ નીચ નથી.

4) ભારતમાતાનાં સંતાનો છેલ્લે શી પ્રાર્થના કરે છે?

જ) ભારતમાતાનાં સંતાનો છેલ્લે પ્રાર્થના કરે છે કે અમે બધા પરસ્પર પ્રેમ અને સહકાર સાથે રહીએ.

➢ <u>વ્યાકરણ</u>

## પ્ર-3 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

1) આ કાવ્ય કોને સંબોધીને લખાયું છે?

અ) ધરતીને  બ) હિંદને
<u>ક) હિંદમાતાને</u>  ડ) સૌ સંતાનોને

2) કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે?

અ) વેદોને  બ) કૃષ્ણની
<u>ક) દેવોની</u>  ડ) પુણ્યની

## પ્ર- 4 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) જ્ઞાની x અજ્ઞાની  2) નીરોગી x રોગી
3) તવંગર x ગરીબ  4) ઉચ્ચ x નીચ
5) સમાન x અસમાન  6) સાક્ષર x નિરક્ષર

## પ્ર-5 નીચેના સમાનાર્થી શબ્દો લખો.

1) નિર્ધન = ધની  2) નિરક્ષર = અભણ
3) તવંગર = પૈસાદાર  4) ઉચ્ચ = નીચ

5) સમાન = અસમાન

## પ્ર- 6 નિબંધ લખો.

### ‘ વિવિધતામાં એકતા ’

ભારત એ પહેલાના સમયથી જ સંસ્કૃતિમાં વિવિધતા ધરાવતો દેશ છે. આપણી સંસ્કૃતિ એ દુનિયામાં સૌથી પ્રાચીન સંસ્કૃતિ ગણાય છે. વિવિધ પ્રકારના લોકો, પહેરવેશ, બોલી, ભાષા, રહેનસહેન વગેરેની દ્રષ્ટીએ વિવિધતા ધરાવતો આપણો દેશ એ દુનિયામાં સૌથી વધારે વૈવિધ્ય ધરાવતો દેશ છે.

હજારો વર્ષો પહેલા વિવિધ પ્રજાઓ ભારતમાં આવીને સ્થાયી થઈ. આર્યોથી શરૂ કરી તૂર્ક, મુઘલો, પારસીઓ, ડચ, પોર્ટુગીઝો, ફ્રેંચો અને છેલ્લે અંગ્રેજ લોકો ભારતમાં આવ્યા અને વિવિધ જાતિ-પ્રજાતિ પણ સાથે લાવ્યાં. આ લોકો એમની સાથે એમની સ્થાનીય સંસ્કૃતિ, ધર્મ, આચરણ, સ્થાપત્ય, બોલી, પહેરવેશ, રિતરિવાજો પણ લઈને આવ્યા. આ બધાના મિશ્રણથી એક ભાતીગળ ભારતીય સંસ્કૃતિનું નિર્માણ થયું

આપણા દેશનું લોકજીવન "વિવિધતામાં એકતા" સૂત્રને સાર્થક કરતું દેખાય છે. આઝાદી પછી પણ ભારતે આ વિવિધતા જાળવી રાખી અને એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે દેશના દરેક ધર્મના લોકોને સમાન અધિકાર આપવામાં આવ્યાં. આપણા દેશમાં હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી, જૈન, બૌદ્ધ વગેરે જેવા જુદા-જુદા ધર્મમાં માનનારા લોકો રહે છે. જેમાં મુખ્ય વસ્તી હિંદુ ધર્મની છે. એ જુદા-જુદા ધર્મોની સાથે એમાં સંપ્રદાયો પણ અલગ અલગ હોય છે.

આપણી આ વિવિધતા એ આપણા પડોશથી ચાલું કરીને, ગામમાં, શહેરમાં, જિલ્લામાં, રાજ્યમાં અને આખા દેશમાં જોવા મળે છે. આટલી બધી વિવિધતા હોવા છતાં પણ ભારતમાં એકતા અને અખંડિતતા જોવા મળે છે અને ભારતમાં કેવું વૈવિધ્ય છે તેનો પરિચય થાય છે. ભારત 126 કરોડથી પણ વધુ વસ્તી ધરાવતો દેશ છે પણ આપણામાં આટલી બધી વિવિધતા હોવા છતાયે એકતા છે એ કોઈ સામાન્ય વાત નથી.

જે આપણી વિવિધતામાં એકતાના દર્શન કરાવે છે.

- <u>પ્રવૃત્તિ</u>

### માગ્યા મુજબ વિગત લખો:

| ક્રમ | ધર્મ | ધર્મગુરુ | ધર્મગ્રંથ | ધર્મસ્થાન | મુખ્યતહેવાર |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | હિંદુ | આદિશંકરાચાર્ય | ભગવદગીતા , રામાયણ , મહાભારત | મંદિર | દિવાળી, હોળી, જન્માષ્ટમી |
| 2) | મુસ્લિમ | મહમદ પયગંબર | કુરાનેશરીફ | મસ્જિદ | મહોરમ બકરીઇદ |
| 3) | શીખ | ગુરૂનાનક | ગુરુગ્રંથસાહેબ | ગુરુદ્વારા | ગુરૂપર્વ નાનકજયંતી |
| 4) | ખ્રિસ્તી | ઇસુ | બાઈબલ | દેવળ | નાતાલ , ગુડફ્રાઈડે |
| 5) | પારસી | અષો જરથુષ્ટ્ર | અવેસ્તા | અગિયારી | પતેતી |
| 6) | જૈન | ચોવીસ તીર્થંકર | આગમ | દેરાસર | પર્યુષણ, મહાવીર જયંતી |
| 7) | બૌદ્ધ | બુદ્ધ | ત્રિપિટક | વિહાર | બુદ્ધ પૂર્ણિમા |